# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-04-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# S. Jaishankar Rajpipla

વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે નર્મદા જિલ્લાની બે દિવસની મુલાકાત દરમિયાન જિલ્લાના નાગરિકોને 11 કરોડ 66 લાખ રૂપિયાનાં વિકાસ કામોની ભેટ આપી.

શ્રી જયશંકરે આજે બીજા દિવસે રાજપીપળાની શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય ખાતે તેઓની MPLADS ગ્રાન્ટમાંથી અઢી કરોડ રૂપિયાનાં ખર્ચે નવીનીકરણ કરાયેલા જિમ્નેશિયમ હોલ અને વ્યાયામના અદ્યતન સાધનોનું લોકાર્પણ કર્યું હતું.

(Byte --- S. JAYSANKAR)

શ્રી જયશંકરે ત્યારબાદ રાજપીપળા પોસ્ટ ઓફિસની અને તેમાં કાર્યરત પાસપોર્ટ સેવા કેન્દ્ર તથા આધાર સેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી. વિદેશ મંત્રી ત્યારબાદ તેમણે દત્તક લીધેલા નાંદોદ તાલુકાના લાછરસ ગામે પ્રાથમિક શાળા ખાતે ચાર લાખ 96 હજાર રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલા સ્માર્ટ ક્લાસરૂમની મુલાકાત લીધી હતી. તેમણે બાદમાં શાળાની નજીકમાં આવેલા શ્રી રામજી મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. ગામમાં MPLADS ની ગ્રાન્ટમાંથી રૂપિયા ૧૬ લાખના ખર્ચે નિર્માણ પામેલી સ્માર્ટ આંગણવાડીનું પણ લોકાર્પણ કર્યું હતું.

વિદેશ મંત્રીશ્રીએ લાછરસ ગામે અમૃત સરોવરની પણ મુલાકાત કરી જળસંચયના કાર્યને બિરદાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# MAHISAGAR POSHAN ABHIYAN

પોષણ અભિયાન અંતર્ગત સાતમાં પોષણ પખવાડિયાની મહીસાગર જિલ્લામાં ૦૮ થી ૨૨ એપ્રિલ સુધી વિવિધ થીમ પર ઉજવણી થઈ રહી છે જે અંતર્ગત લુણાવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માટી પાલ્લી ગામના આંગણવાડી કેન્દ્ર પર અન્ન પ્રાશન અને બાળ દિવસની થીમ પર ઉજવણી કરવામાં હતી જેમાં છ મહિનાના બાળકોને આહાર આપી અન્ન પ્રાશનની શરૂઆત કરવામાં આવી હતી.

ઉપરી આહાર અંગે સમજ આપી પૂરક ખોરાકને કારણે બાળકોમાં થતાં ફાયદા પર ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગામના સરપંચ , મુખ્ય સેવિકા સહિત બાળકો ઉપરાંત ગામની મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મલેકપુરના મુખ્ય સેવિકા હિરલ ચૌધરીએ વધુ માહિતી આપી.

(બાઈટ : હિરલ ચૌધરી, મુખ્ય સેવિકા, મલેકપુર)

. . . . . . . . . . . . .

# MICRO IRRIGATION

**રાજ્યમાં** વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે એક લાખ 30 હજાર હેક્ટીર વાવેતર વિસ્તાારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવામાં આવ્યો હતો. જ્યારે, ૨૦૨૪-૨૫માં આશરે એક લાખ 20 હજાર હેક્ટકર વિસ્તા્રને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો હતો.

આ માટે ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કુલ રૂ. ૬૦૫ કરોડ 42 લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે , જેમાં રાજ્ય સરકારનો ફાળો રૂ. ૩૨૯ કરોડ 42 લાખ અને ભારત સરકારનો ફાળો રૂ. ૨૭૬ કરોડનો છે.

સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયેલા વિસ્તાારની દૃષ્ટિકએ ચાર લાખ 77 હજાર હેક્ટહર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાલને રહ્યો છે. એક લાખ 81 હજાર હેક્ટરર વિસ્તાર સાથે જૂનાગઢ જિલ્લો દ્વિતીય સ્થોને તેમજ એક લાખ 32 હજાર હેક્ટ ર વિસ્તાર સાથે રાજકોટ જિલ્લો ત્રીજા સ્થાોને છે.

રાજ્યનાં ખેડૂતો પોતાના ખેતરમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ ઘરે બેઠા જ પ્રી-રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ માટે ખેડૂત પોતાનું "પુરૂ નામ – જિલ્લો – તાલુકો - ગામ"ના ફોર્મેટમાં લખીને GGRCના મોબાઈલ નંબર

9963322211 પર SMS કરીને નોંધણી કરી શકે છે. આ ઉપરાંત GGRCની વેબસાઇટ "khedut.ggrc.co.in" ઉપર જઈને પણ વિગતો દાખલ કરીને નોંધણી કરી શકે છે. અરજીની પૂર્વ નોંધણી બાદ GGRCના માન્ય સપ્લાયર્સ આગળની કાર્યવાહી કે માર્ગદર્શન માટે ખેડૂતોનો સંપર્ક કરશે.

. . . . . . . . . . . . .

# MAHESANA CROP

મહેસાણા જિલ્લામાં 44 હજાર 81 હેકટર જમીનમાં ઉનાળુપાકનું વાવેતર થઈ ગયું છે.જિલ્લાના સતલાસણા તાલુકા તેમજ કડી તાલુકામાં સૌથી વધુ 90 ટકા કરતા વધુ વાવેતર થયું છે. જિલ્લામાં 25 હજાર 994 હેકટર જમીનમાં ઘાસચારાનું વાવેતર થઈ ગયું છે . બાજરીના પાકનું વાવેતર 11 હજાર 311 હેકટર જમીનમાં થયું છે .શાકભાજીનું ચાર હજાર 60 હેકટરમાં, મગફળીનું એક હજાર 717 હેકટરમાં, તલનું 333 હેકટરમાં, ડાંગરનું 237 હેકટરમાં, મકાઇનું 112 હેકટરમાં, ડુંગળીનું 8 હેકટરમાં, તરબૂચનું 71 હેકટરમાં વાવેતર થયું છે . તંત્રના અંદાજ કરતા વધુ વાવેતર થયું છે.

. . . . . . . . . . . . .

# MAHESANA ST INCOME

મહેસાણા જિલ્લાના યાત્રાધામ બહુચરાજી ખાતે ચૈત્રી પૂનમનો મેળો યોજાયો હતો. આ મેળામાં આવતા મોટી સંખ્યામાં યાત્રિકોની સુવિધા માટે એસટી બસ દ્વારા ખાસ વ્યવસ્થા કરાઈ હતી. જેમાં એસટી બસમાં 50 હજાર કરતા વધુ યાત્રાળુઓએ બસની મુસાફરી કરી હતી.

એસ ટી વિભાગ દ્વારા વધુ બસો દોડાવવામાં આવી હતી ત્રણ દિવસમાં 28 લાખથી વધુ રૂપિયાની એસટી વિભાગને આવક થઈ હતી .

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................